ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



મીરા અલ્પેશકુમાર પ્રજાપતિ



ઉમંગ રમેશભાઈ પરમાર
મો. ૯૫૭૪૮ ૨૪૩૦૮



અર્ચન આશિષ ઠાકર



રાજેન્દ્ર આર પારેખ
મો. ૯૨૨૮૧ ૬૧૨૩૬

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# એસ. વી. પ્રિ સ્કૂલમાં ડો મેકિંગ એક્ટિવિટી



સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તા-૧૯ જુલાઈના રોજ 'Dough Making Activity' યોજાઈ ગઈ.બાળકોએ ઘઉના લોટમાંથી કણક બનાવીને તેમાથી વિવિધ આકાર, રમકડાં, દિવડા, સ્માઈલી, પાંદડા, પ્રાણીઓ, પક્ષીઓ, ફળો, વાસણો, ઈંગ્લિશ મૂળાક્ષરો, નંબર્સ, બ્રેસ્લેટ જેવી વિવિધ વસ્તુઓ પોતાના શિક્ષકોની મદદથી બનાવી હતી. સ્કૂલના ક્રિએટિવ શિક્ષક સંજુ પટેલ અને કુંતલ શુકલએ ખાસ રસ લઈને બાળકોને આ પ્રવૃત્તિ કરાવી હતી, જેનાથી બાળકોએ 'learn with fun'ની મજા માણી હતી. વાલીઓએ પણ આ અનોખી પ્રવૃત્તિને બિરદાવી શાળા પરિવારની પ્રસંશા કરી હતી.

### વુમન આંત્રપેન્યોર માટે સફળ કારકિર્દીનો શ્રેષ્ઠ વિકલ્પ વિષય અંતર્ગત

# બીબીએ કૉલેજ ખાતે ત્રિદિવસીય તાલીમ શિબિર



ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજ તરફથી ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને સમગ્ર સેમેસ્ટરમાં થનાર વવિધ વર્કશોપમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ હમેશા નવીનતમ બાબતો મેળવવા તત્પર રહેવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.

વર્કશૉપના તજજ્ઞ તરીકે મિત્તલબેન પટેલ તેમજ કલ્પેશભાઈ પટેલને આમંત્રિત કરાયા હતા. જેઓ બીબીએ કૉલેજના જ ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે. આ વર્કશૉપમાં જેમાં રેશનમેકિંગ જવેલરી, સિલ્ક જ્વેલરી, નેટ જવેલરી જેવી અલગ અલગ પ્રકારની જવેલરી બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ દ્વારા જણાવાયું હતુ કે તેઓને આ ત્રણ દિવસના તાલીમ વર્ગમાં ખૂબ શીખવા મળ્યું તેમજ અભ્યાસની સાથેસાથે આ અર્થોપાર્જનનો આ ખુબ સુંદર વિકલ્પ છે. જેનાથી પરિવારની આવક પણ વધશે અને અભ્યાસમાં કોઈ તકલીફ પણ નહી આવે. સાથેસાથે કેટલીક વિદ્યાર્થીનીઓએ અભ્યાસ પૂર્ણ થયા બાદ જવેલરીના ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા માટે તૈયારી દર્શાવી હતી. જેઓ આગામી દિવસમાં વધુ તાલીમ મેળવી આ ક્ષેત્રમાં આગળ વધશે. તમામ તાલીમાર્થીઓએ કૉલેજ પરિવારનો આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમ ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ દ્વારા સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો.

# આઈએનઆઈએફડી દ્વારા મૉનસૂન થીમ પર ડ્રેસ ડિઝાઈન્સ



ગાંધીનગર, તા. ૨૩

આઈએનઆઈએફડી ગાંધીનગરના ફેશન ડિઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા મોન્સૂન થીમ પર ૩૦ થી વધુ નવા ડિઝાઈન્સ તૈયાર કરવામાં આવ્યા

૨૩મી જુલાઈ-૨૦૧૮: આજકાલ દરેક સીઝન માં લોકો ને જુદા જુદા પ્રકાર ની ડિઝાઈનર વસ્તુઓ પહેરવાનો ખુબજ શોખ હોય છે ત્યારે મોન્સૂન માં વરસાદ થી બચવા અનેક લોકો રેઈનકોટ નો ઉપયોગ કરતા હોય છે અને લોકો ઈચ્છતા હોય છે કે તેમનો રેઈનકોટ લોકો કરતા અલગ દેખાઈ આવે અને થોડું સ્ટાઈલિશ દેખાય એ બાબત ને ધ્યાન માં રાખી ની આઈએનઆઈએફડી ગાંધીનગર ના વિદ્યાર્થીઓ એ મોન્સૂન થીમ પર ૩૦ થી વધુ ડિજાઈનર રેઈનકોટ તૈયાર કર્યા અને તેનું ઈનહાઉસ ફેશન શો નું આયોજન કર્યું હતું. આ મોન્સૂન થીમ રેઈનકોટ્સ માં એમ્બ્રોઈડરી , પેઈન્ટિંગ્સ , લેસ વર્ક, પેચ વર્ક, કેટ વર્ક, જરી વર્કનો ઉપયોગ કરીને એક ડિઝાઈનર ટચ આપવામાં આવેલ હતો.

# સે. ૩ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



સૅક્ટર-૩ની પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક નગરસેવક જયરાજસિંહ, ઊર્મિલાબેન વર્મા, હિરલબેન જોષી તથા અનેક વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાથમિક શાળાના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ આ કાર્યમાં પોતાનો સક્રિય સહયોગ આપ્યો હતો. પ્રથમ તબક્કે કુલ ૨૧ વિવિધ પ્રકારનાં વૃક્ષો વાવવામાં આવ્યાં હતાં તથા 'માય સૅક્ટર ગ્રીન સૅક્ટર'ના આશય સાથે આ કાર્યક્રમ આખા વર્ષ દરમિયાન ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# એસ. જી. શાળામાં પર્યાવરણ સંરક્ષણ પર વક્તવ્ય યોજાયું



ભારતમાં સૌ પ્રથમ ચકલીના માળો બનાવનાર રેંજ ફોરેસ્ટ ઓફિસર વી.ડી. વાલાએ એસ જી અંગ્રેજી માધ્યમ શાળાના ધોરણ-૭ના વિદ્યાર્થીઓને સોમવારે પર્યાવરણ સંરક્ષણ પર વક્તવ્ય આપ્યું હતું. આ વક્તવ્યમાં બાળકોને પક્ષીઓની સાચવણી કેવી રીતે કરવી પર્યાવરણની જાળવણી તેમજ વિવિધ જાતિના સાપ વિષે માહિતી આપી હતી.

# કેનેડામાં વિશ્વ સંસ્કૃત સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૩

કેનેડાના વેનકુવર ખાતે યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા ખાતે વિશ્વ સંસ્કૃત સંમેલનનું તાજેતરમાં આયોજન થયું હતું. સંસ્કૃતના મહાકુંભ સમા આ અવસરે પશ્ચિમ જગતની પ્રસિદ્ધ યુનિવર્સિટીઓ અને ભારત સહિત પૂર્વીય જગતના પ્રકાંડ વિદ્વાનો સંસ્કૃત ભાષા, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના વિવિધ વિષયો પર ગહન વિમર્શ કર્યો હતો. આ 'વિશ્વ સંસ્કૃત સંમેલન'ના મંચ પરથી એક ગૌરવવંતી ઘટના ઘટી હતી. જે અંતર્ગત ૨૧મી સદીના એક નૂતન મૌલિક વેદાંત-આવિષ્કાર તરીકે ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનને ગૌરવભેર વધાવવામાં આવ્યું હતું.

જગપ્રસિદ્ધ વિદ્વાન અને પશ્ચિમી જગતના 'પાણિનિ' તરીકે ઓળખાતા જ્યોર્જ કાર્ડોના, યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયાના અશોકજી અકલુજકર, ઈન્ટરનેશનલ એસોસિયેશન ઓફ સંસ્કૃત સ્ટડીઝના અધ્યક્ષ કુટુંબશાસ્ત્રી તથા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીજી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહના પ્રમુખ વક્તા તરીકે પ્રસ્થાનત્રયી (ઉપનિષદ, ભગવદ્ ગીતા, બ્રહ્મસૂત્ર)ના અભિનવ ભાષ્યકાર મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી હતા.

મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ જણાવ્યું હતુ કે, 'આ અક્ષરપુરુષોત્તમ દર્શન ભગવાન સ્વામિનારાયણની એક મૌલિક ભેટ છે, આ નામાભિધાન આપીને મહાન સંત બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આજથી સો વર્ષ પહેલાં તેનો ઉદ્ઘોષ કર્યો હતો.

# ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે ઓરી-રૂબેલા રસી કાર્યક્રમ



અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭, ગાંધીનગર ખાતે ધોરણ ૯ તથા ૧૦ની વિદ્યાર્થીનીઓને ઓરી - રૂબેલા રસીકરણ અંતર્ગત રસી આપવામાં આવી હતી. રસી લઈ લીધેલ બાળકોને A/C રૂમમાં આરામ કરાવી, શાળા તરફથી બાળકોને રસી લીધા પહેલા શાળાના આચાર્ય રમીલાબેન ચૌધરીએ નાસ્તા પેટે કેળાં ખવડાવી પછી જ રસી આપવામાં આવે એવો આગ્રહ રાખી નાસ્તો કરાવ્યો હતો. શાળાના તમામ સ્ટાફ મિત્રો તેમજ વહીવટીય સ્ટાફે સાથ સહકાર આપ્યો.

# ઐશ્વર્યા જૈને યુથ પાર્લામેન્ટમાં ઈનામ મેળવ્યું



કર્ણાવતી યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આયોજિત યુથ પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયા, ૨૦૧૮ પરિસંવાદમાં નારાયણ ગુરુ સ્વામી કૉલેજ, અમદાવાદની વિદ્યાર્થીની ઐશ્વર્યા જૈને પ્રથમ ઈનામ મેળવ્યું હતું. ઈનામનું વિતરણ ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રી રાજ્યવર્ધનસિંહ રાઠોડ, ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને કેન્દ્રીય કૃષિ-પશુપાલન મંત્રી પુરુષોત્તમ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઈનામ સાથે ટ્રૉફી, સર્ટીફિકેટ અને રૂા. ૫૧ હજારનો ચૅક આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સ્પર્ધામાં ૧ હજારથી પણ વધુ કૉલેજ અને સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# ચાંદલોડીયા સરકારી પ્રાથમિક શાળા : દેશની સૌ પ્રથમ 'ગૂગલ સ્કૂલ'

ગાંધીનગર, તા. ૨૩

ગુગલ ઈન્ડિયાના દિલ્હી સ્થિત એજ્યુકેશન હેડ બાની ધવન ચાંદલોડિયા પ્રાથમિક શાળાના બાળકોને પુછે છે કે... "બ્લેક બોર્ડ અને ગુગલ ક્લાસ, એમ બેમાંથી શેમાં મજા આવે છે...?" બાળકો હોંશે હોંશે જવાબ આપે છે... "ગુગલ ક્લાસમાં..."

કેટલાક પ્રશ્નો અને તેના જવાબ પછી ચાંદલોડિયા પ્રાથમિક શાળાના બાળકો ગુગલ ઈન્ડિયાના દિલ્હી સ્થિત એજ્યુકેશન હેડ બાની ધવનને પુછે છે કે "મેડમ હવે ફરી ક્યારે અમારી સાથે વાત કરશો...? "

બાની ધવન જવાબ આપે છે ટુંક સમયમાં જ આપણે મળીશુ..

ચોંકી ગયાને...?

ગુગલ ઈન્ડિયાના દિલ્હી સ્થિત એજ્યુકેશન હેડ બાની ધવન સાથે ચાંદલોડિયા પ્રાથમિક શાળાના બાળકો Hangout દ્વારા સીધી વાત કરે છે. કારણ કે... ચાંદલોડિયા પ્રાથમિક શાળામાં Google Future Classroom સૌ પ્રથમ શરૂ કરવામાં આવ્યો છે. આખા દેશમાં આ પ્રથમ ઘટના છે. આ વર્ગમાં ૩૦ લેપટોપ, ૧ ટચસ્ક્રીન પ્રોજેક્ટર, વાઈફાઈ, ઈયરફોન, વેબ કેમેરા ઉપલબ્ધ છે. શાળાનું પોતાનું cpschool.rogના નામનું ડોમેઈન છે. દરેક વિદ્યાર્થીના cpschool.rogના નામનું ઈમેલ એકાઉન્ટ ઓપન કરેલ છે. આ કલાસરૂમના ઉપયોગ બાબતની તાલીમ પણ શિક્ષકોને આપવામાં આવી છે.



ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ ઓનલાઈન પરીક્ષા આપે છે. ઓનલાઈન પ્રોજેક્ટવર્ક કરાવવામાં આવે છે. શિક્ષક ગૃહકાર્ય પણ વિદ્યાર્થીઓને મેઈલ કરે છે. Google Classroom, Gmail, Drive, Docs, Froms, Sheets, Slides, Hangouts જેવી એપ્લિકેશનનો વિધાર્થીઓ ઉપયોગ કરે છે.

Google Future Classroom આવ્યા પછી વિદ્યાર્થીઓ શાળા સમયબાદ પણ શાળામાં આવે છે. વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવી છે. વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. ક્લાસ રૂમની વિશેષતાઓ વર્ણવતા શાળાના આચાર્ય શ્રી રાકેશ પટેલ કહે છે કે, 'ઓછા વજનનું વિદ્યાથીઓ માટે તૈયાર કરેલ લેપટોપ, જે ૧૦ સેકન્ડમાં ચાલુ થઈ જાય છે. બેટરી પૂરો દિવસ ચાલે છે. અમારા બાળકો અહીં બેઠા બેઠા વિશ્વ સાથે તાલમેલ મિલાવી શકે છે.'